# દેવતાઓનાં તત્ત્વો આકર્ષિત અને પ્રક્ષેપિત કરનારી

# સાત્ત્વિક રંગોળી

(Satvik Rangolis - Gujarati)

---

## ગ્રંથનું મનોગત

**૧. ઉદ્દેશ**

રંગોળીના અનેક પુસ્તકો ઉપલબ્ધ હોવા છતાં ‘રંગોળી’ આ વિષય પર લઘુગ્રંથ પ્રકાશિત કરવાનો ઉદ્દેશ એવો છે કે, ‘સાત્ત્વિક રંગોળી’ જેવું કાંઈક હોય છે, એ બધાને સમજાય.

**૨. મહત્ત્વ**

હિંદુ ધર્મના સર્વ તહેવાર, તેમજ વિધિ કોઈને કોઈ દેવતા સાથે સંબંધિત હોય છે. તે તે તહેવારને દિવસે અથવા વિધિને સમયે તે તે દેવતાનું તત્ત્વ વાતાવરણમાં હંમેશ કરતા વધારે પ્રમાણમાં હોય છે અથવા વિધિને કારણે ત્યાં આકર્ષિત થાય છે. તે તત્ત્વ હજી વધારે પ્રમાણમાં આવે અને તેનો લાભ સહુને મળે; એટલા માટે તે તત્ત્વ આકર્ષિત તેમજ પ્રક્ષેપિત કરનારી રંગોળીઓ આ લઘુગ્રંથમાં આપી છે. આ રંગોળીઓમાં દેવતાનું તત્ત્વ આકર્ષિત અને પ્રક્ષેપિત થયું હોવાથી ત્યાંનું વાતાવરણ તે તત્ત્વયુક્ત થઈને તેનો લાભ સહુને મળે છે. રંગોળીઓ સકામ ઉદ્દેશ માટે પણ દોરી શકાય છે; પરંતુ આ લઘુગ્રંથમાં સાધના માટે પૂરક એવા દેવતાઓનાં તત્ત્વો આકર્ષિત કરનારી રંગોળીઓ આપી છે.

**૩. વિશિષ્ટતાઓ**

અ. ‘શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ અને તેની શક્તિ એકત્રિત હોય છે’, આ અધ્યાત્મના તત્ત્વ અનુસાર રંગોળીના રૂપ અને રંગમાં થોડો પણ ફેરફાર કરવાથી રંગોળીમાંના સ્પંદનો કેવી રીતે બદલાય છે, એ રંગીન પાના પર આપેલા શ્રી ગણપતિ, શ્રીરામ, દત્ત અને શ્રી દુર્ગાદેવી એ તત્ત્વો રહેલી રંગોળીઓ પરથી ધ્યાનમાં આવે છે.

આ. દરેક દેવતાને કારણે શક્તિ, ભાવ, ચૈતન્ય, આનંદ અને શાંતિ આ પાંચે પ્રકારની અનુભૂતિ થઈ શકે છે. આ લઘુગ્રંથમાં આપેલી રંગોળીઓમાં કયુ તત્ત્વ છે, એ આપ્યું છે.

ઇ. રંગોળીઓમાં સ્પંદનો અને દેવતોઓનું તત્ત્વ વધારેમાં વધારે ૧૦ ટકા તત્ત્વ લાવી શકાય એમ છે. આ લઘુગ્રંથમાંની રંગોળીઓમાં  દેવતાનું વધારેમાં વધારે તત્ત્વ આકર્ષિત થાય એ માટે સનાતનના સાધકોએ તે ભાવપૂર્ણ દોરવાના પ્રયત્ન કર્યા છે. સાધકોનો ભાવ અને સ્તર જેમ વધે તેમ, આ પ્રમાણ વધતું જાય છે.

**૪. રંગોળીની પસંદગી**

**૪ અ. તહેવાર, વ્રતો અને ઉત્સવ અનુસાર** : લઘુગ્રંથમાં હંમેશા આવતા તહેવાર, વ્રતો અને ઉત્સવ કઈ તિથિએ આવે છે, તેની સારણી આપી છે. સારણીમાં દેવતાનું તત્ત્વ આકર્ષિત કરનારી રંગોળી કયા પાના પર આપી છે, એ આપ્યું છે.

**૫. વિવિધ પ્રસંગોમાં ઉપયોગી**

જન્મદિવસ, ઔક્ષણ ઇત્યાદિ પ્રસંગોમાં દરવાજામાં, તેમજ થાળીની ફરતે આનંદદાયી રંગોળીઓ કેવી હોવી જોઈએ, એ પણ લઘુગ્રંથમાં આપ્યું છે.

**૬. વ્યાવહારિક સૂચના**

લઘુગ્રંથમાંના રંગીન પૃષ્ઠો પરની રંગોળીઓમાં આપેલા રંગ બને ત્યાં સુધી રંગોળીમાં પૂરવા. એ રંગો સાત્ત્વિક છે. તેના કારણે રંગોળીની સાત્ત્વિકતા વધવામાં સહાયતા મળે છે. રંગોળીની સાત્ત્વિકતા જેમ વધે છે તેમ, દેવતાનું તત્ત્વ આકર્ષિત થઈને ઉપાસકને તેનો લાભ થાય છે. તેમજ વાયુમંડળ પણ શુદ્ધ થાય છે.

**૭. પ્રાર્થના**

**'આ લઘુગ્રંથને કારણે કેવળ રંગોળીઓ જ નહીં, પણ બધી જ વસ્તુઓ સાત્ત્વિક બને, એ માટે સહુના પ્રયત્નો ચાલુ થવા દેજો, એ જ શ્રી ગુરુચરણોમાં પ્રાર્થના ! - સંકલક**

---